**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

**અમદાવાદ ખાતેની ગુજરાત ઉચ્ચ ન્યાયાલયમાં**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૬૯૫૨ / ૨૦૧૫**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી સંગીતા કે. વિશેન**

| | | |
|---|---|---|
| ૧. | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે? | ના. |
| ૨. | રિપોર્ટરને રિફર કરવું કે નહીં? | હા. |
| ૩. | શું ન્યાયમૂર્તિશ્રી ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | ના. |
| ૪. | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | ના. |

==========================================================

મહેશભાઈ ભુરજીભાઈ ડામોર

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય અને ૩ અન્ય

==========================================================

ઉપસ્થીતી:–

અરજદાર(રો) નં. ૧ માટે શ્રી દીપન દેસાઇ(૨૪૮૧)

સામવાળા(ઓ) નં. ૧, ૨, ૩, ૪ માટે સહાયક સરકારી વકીલ શ્રી ધવન જયસ્વાલ

===========================================================

કોરમઃ **માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી સંગીતા કે. વિશેન**

**તારીખ: ૦૮/૦૨/૨૦૨૨**

**મૌખિક ચુકાદો**

સંબંધિત પક્ષકારોના વિ. વકીલોની સંમતિથી, આ બાબત આખરી નિકાલ માટે હાથ ધરવામાં આવે છે.

૨. રૂલ ઈશ્યુ કરો, જે તુરંત પરત કરવાપાત્ર છે. સહાયક સરકારી વકીલ શ્રી ધવન

જયસ્વાલ સામવાળા તરફે રૂલની નોટિસની બજવણી જતી કરે છે.

૩. બોડુ તરમમદ વિ. ડિસ્ટ્રિક્ટ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, જામનગર અને અન્ય, જે ૧૯૮૮ (૧) જીએલએચ ૪૦૬ માં રિપોર્ટ થયેલ છે, તે સમાન તથ્યો ધરાવતા કેસમાં આ કોર્ટ દ્વારા કરવામાં આવેલી અવલોકનો વર્તમાન વિવાદનો નિર્ણય કરવા માટે ખૂબ જ યોગ્ય છે,

> *"શું ગુજરાત સિવિલ સર્વિસીસ (કંડક્ટ) રૂલ્સ, ૧૯૭૧ ના નિયમ 3(૧)(iii) માં આવતો સરકારી નોકર માટે અયોગ્ય' એવો શબ્દપ્રયોગ એટલો બધો સ્થિતિસ્થાપક છે કે તે તેના વ્યાપમાં એવું ચોક્કસ વર્તન લઈ શકે જે તેના ઉપરી અધિકારીને કંઈક અપ્રસન્નતા પહોંચાડી શકે અને જે ઉપરી અધિકારીની અંગત માન્યતાઓ અને પસંદગીને અનુરૂપ ન હોય? શબ્દપ્રયોગની ધારેલી અસ્પષ્ટતાએ એક દુર્ભાગી હેડ કોન્સ્ટેબલને બેરોજગાર બનાવી દીધો છે. આથી તેનો ચોક્કસ અર્થ સમજવાની અને અર્થઘટન કરવાની જરૂરિયાત ઊભી થઈ છે."*

૪. આ કોર્ટે ઠેરવ્યું છે કે કોઈ ચોક્કસ વર્તનને ગેરવર્તણૂક તરીકે દર્શાવતી વખતે, પહેલો પ્રશ્ન જે પૂછવો જરૂરી છે તે એ છે કે, શું આ વર્તનને સરકારી નોકર દ્વારા

બજાવવાની થતી ફરજ સાથે કોઈ સંબંધ છે? જો એમ હોય તો, શું તે સંબંધિત અધિકારીના નૈતિક અથવા અનૈતિક અંગેની અંગત માન્યતાની બાબત માત્ર છે? તેમ છતાં, શું તેની સંબંધિત કર્મચારી દ્વારા બજાવવાની થતી ફરજો પર કોઈ સીધી કે આડકતરી અસર પડે છે? આ તમામ પ્રશ્નોના જવાબો નક્કી કરશે કે ચોક્કસ વર્તન ગેરવર્તણૂક છે કે નહીં. આ કોર્ટે, રિટ અરજી ગંજૂર કરતી વખતે, અરજદાર સામે મૂકવામાં આવેલા આરોપોને એવું ઠેરવીને રદ કર્યા અને સેટ અસાઈડ કર્યા કે તે ગેરવર્તણૂક સમાન નથી. ઉપરોક્ત સિદ્ધાંતને મુખપૃષ્ઠ પર રાખીને, અને લગભગ સમાન તથ્યો ધરાવતા અન્ય જજમેન્ટોમાં નિર્ધારિત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને, વર્તમાન રિટ અરજીમાં ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો નક્કી કરવો જરૂરી છે.

૫. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળની આ અરજી દ્વારા, અન્ય બાબતોની સાથે, અરજદારે સંયુક્ત પોલીસ કમિશનર, એટલે કે સામવાળા નં.૪ દ્વારા પસાર કરવામાં આવેલ તારીખ ૨૭.૧૧.૨૦૧૩ નો વિવાદિત ઓર્ડર; પોલીસ કમિશનર, એટલે કે સામવાળા નં.૩ દ્વારા પસાર કરવામાં આવેલ તારીખ ૧૯.૭.૨૦૧૪ નો ઓર્ડર અને પોલીસ મહાનિરીક્ષક, એટલે કે સામવાળા નં.૨ દ્વારા પસાર કરવામાં આવેલ તારીખ ૨.૧૨/૧.૨૦૧૪/૨૦૧૫ નો ઓર્ડર રદ કરવા અને સેટ અસાઈડ કરવા માટે પ્રાર્થના કરી છે.

૬. તથ્યો ટૂંકમાં નીચે મુજબ છે:

૬.૧ અરજદારની આર્મડ પોલીસ કોન્સ્ટેબલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ શાહીબાગ સ્થિત પોલીસ હેડક્વાર્ટરમાં ક્વાર્ટર નં.૧૨/૨૦૬ માં તેમના પરિવાર સાથે રહેતા હતા. અરજદારનો કેસ એવો છે કે ક્વાર્ટર નં.૧૨/૨૦૮ માં રહેતા વિધવા – સુરેખાબેન રાજુભાઈ મહીડા (જેમને આ પછી 'મહિલા' તરીકે સંબોધવામાં આવ્યા છે), જેઓ તેમના બે બાળકો અને સાસુ સાથે રહેતા હતા, તેમની સાથે અરજદારને સંબંધો બંધાયા હતા. અરજદારના જણાવ્યા મુજબ, એવો આક્ષેપ છે કે જ્યારે મહિલાના સાસુ તારીખ ૨.૧૧.૨૦૧૨ અને તારીખ ૩.૧૧.૨૦૧૨ ના રોજ પંચમહાલ જિલ્લાના ગોઠીલા ગામે તેમના વતનમાં ગયા હતા, ત્યારે અરજદાર અને મહિલાએ એકબીજાનો સંપર્ક કર્યો હતો અને રાત્રિના સમયે, મહિલાના ક્વાર્ટર પર સાથે થોડો સમય વિતાવ્યો હતો.

૬.૨ મહિલાના જેઠ શૈલેષ કાળુભાઈ મહીડાએ તારીખ ૭.૧૨.૨૦૧૨ ના રોજ પોલીસ કમિશનરને અરજદાર સામે તેમના તરફથી કરવામાં આવેલ ઉક્ત વર્તન માટે શિસ્તભંગના પગલાં લેવા માટે ફરિયાદ નોંધાવી હતી. તારીખ ૭.૧૨.૨૦૧૨ ની ફરિયાદના સંદર્ભમાં, ફરિયાદી, મહિલાના સાસુ, અરજદાર અને મહિલાના નિવેદનો લેવામાં આવ્યા હતા. મહિલાના નિવેદનમાં એ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો કે તેને અરજદાર સાથે સંબંધો બંધાયા છે અને તે

તેની સંમતિથી હતા. વધુમાં, અરજદારે તેનું કોઈ પણ રીતે શોષણ કર્યું નથી અને બનાવના દિવસે તેણીએ પોતે જ તેના મોબાઈલ પરથી અરજદારને બોલાવ્યો હતો.

૬.૩ શૈલેષભાઈ મહીડાની ઉક્ત ફરિયાદના આધારે, સામવાળા નં.૩ એ તારીખ ૧૦.૧૦.૨૦૧૩ ના રોજ કારણ દર્શાવો નોટિસ આપતાં અરજદાર પાસે કારણ દર્શાવવાની માંગણી કરી હતી કે વિધવાનું શોષણ કરવાની ગેરવર્તણૂકના આધારે તેમને નોકરીમાંથી શા માટે બરતરફ ન કરવા જોઈએ. અરજદારે તારીખ ૨૫.૧૦.૨૦૧૩ નો તેમનો જવાબ રજૂ કર્યો હતો, જેમાં અન્ય બાબતો સાથે દર્શાવવામાં આવ્યું હતું કે આવી નોટિસ સીધી રીતે આપવી અયોગ્ય છે અને ગુજરાત સિવિલ સર્વિસીસ (ડિસીપ્લીન એન્ડ અપીલ) રૂલ્સ, ૧૯૭૧ (જેને આ પછી '૧૯૭૧ ના નિયમો' તરીકે સંબોધવામાં આવ્યા છે) ની જોગવાઈઓ મુજબ ખાતાકીય તપાસ હાથ ધરવી જોઈએ અને ત્યાર પછી જ અરજદાર સામે મોટી શિક્ષા લાદી શકાય. જવાબમાં એવું પણ દર્શાવવામાં આવ્યું છે કે અરજદારે મહિલાનું ક્યારેય શોષણ કર્યું નથી કે પોતાના હોદ્દાનો લાભ લીધો નથી, કારણ કે અરજદાર અને મહિલા વચ્ચેના સંબંધો પરસ્પર હતા.

૬.૪ સામવાળા નં.૪ એ જવાબને ધ્યાનમાં લીધા વિના, અરજદારને નોકરીમાંથી બરતરફ કરતો તારીખ ૨૭.૧૧.૨૦૧૩ નો ઓર્ડર પસાર

કરવા તરફ સીધા જ આગળ વધ્યા. સામવાળા નં.૩ સમક્ષ અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પણ તારીખ ૧૯.૭.૨૦૧૪ ના ઓર્ડરથી ફગાવી દેવામાં આવી હતી. સામવાળા નં.૨ સમક્ષ અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી રિવિઝનની પણ આવી જ સ્થિતિ થઈ હતી, જેમણે રિવિઝન ફગાવી દેતો તારીખ ૨.૧૨/૧.૨૦૧૫ નો ઓર્ડર પસાર કર્યો હતો. તેના પરિણામ સ્વરૂપે, અરજદારને તારીખ ૩૦.૩.૨૦૧૫ નો પત્ર મળ્યો જેમાં અરજદારને ક્વાર્ટર નં.૧૨/૨૦૬ ખાલી કરવા માટે જણાવવામાં આવ્યું હતું. નારાજ થઈને, અરજદારે સંબંધિત સામવાળાઓ દ્વારા પસાર કરવામાં આવેલા ત્રણેય ઓર્ડરો રદ કરવા અને સેટ અસાઈડ કરવાની પ્રાર્થના કરતી વર્તમાન રિટ અરજી દાખલ કરી છે.

૭. વર્તમાન રિટ અરજી દાખલ કરવા સામે વિરોધ દર્શાવતું એફિડેવિટ–ઈન–રિપ્લાય સામવાળા નં.૪ ની તરફથી દાખલ કરવામાં આવ્યું છે. એવું દર્શાવવામાં આવ્યું છે કે સંબંધિત તમામના, એટલે કે અરજદાર, મહિલા, મહિલાના સાસુના નિવેદનો લેવામાં આવ્યા હતા અને અરજદારે તેના નિવેદનમાં મહિલા સાથે સંબંધ હોવાનો સ્વીકાર કર્યો છે. જોકે અરજદાર તેને પરસ્પર હોવાનો દાવો કરે છે, પરંતુ એવું જણાવવામાં આવ્યું છે કે એકવાર અરજદાર તરફથી સ્વીકારોક્તિ થઈ જાય પછી, તપાસ હાથ ધરવાનો કોઈ ઉપયોગી હેતુ રહેશે નહીં અને બીજી રીતે પણ, ડીવીડી અને ફોટોગ્રાફ્સના રૂપમાં રહેલા પુરાવા કોઈ

વ્યક્તિ સમક્ષ રજૂ કરવા કે તપાસવા માટે સક્ષમ ન હતા કારણ કે, તેનાથી અરજદાર અને મહિલા અસ્વસ્થતાભરી સ્થિતિમાં મુકાઈ જાય.

૮. વધુમાં એવું જણાવવામાં આવ્યું છે કે અરજદારનો કેસ પ્રભાતસિંહ સમતસિંહ વિ. ડિસ્ટ્રિક્ટ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ અને અન્ય, જે ૨૦૦૯ (૩) જીએલઆર ૨૪૯૯ માં રિપોર્ટ થયેલ છે, તે કેસમાં આ કોર્ટની ડિવિઝન બેંચના નિર્ણયથી આવરી લેવાયેલ છે, જેમાં ગુજરાત સિવિલ સર્વિસીસ (કંડક્ટ) રૂલ્સ, ૧૯૭૧ (જેને આ પછી 'કંડક્ટ રૂલ્સ' તરીકે સંબોધવામાં આવ્યા છે) ના નિયમ ૩ ના ઉપ–નિયમ (૧) નું અર્થઘટન કરતી વખતે ઠેરવ્યું હતું કે "સરકારી નોકર માટે અયોગ્ય હોય તેવું કંઈ કરવું નહીં" એ અભિવ્યક્તિ વિશાળ ક્ષેત્ર ધરાવે છે અને સરકારી નોકરના મોટી સંખ્યાના કાર્યો ઉક્ત અભિવ્યક્તિ હેઠળ આવરી લેવાશે. એવું જણાવવામાં આવ્યું છે કે આ કોર્ટ દ્વારા નિર્ધારિત સિદ્ધાંતને ધ્યાનમાં લેતા, અરજદાર તરફથી કરવામાં આવેલ વર્તન, સરકારી નોકર માટે અયોગ્ય ગણાશે અને તેથી, ગેરવર્તણૂક ગણાશે, જે તેને નોકરીમાંથી બરતરફ કરવા માટે પાત્ર બનાવે છે. વધુમાં એવું જણાવવામાં આવ્યું છે કે તેને મહિલા સાથે ગેરકાયદેસર સંબંધો હતા. તેથી, માત્ર અરજદાર અને મહિલા બંનેના નિવેદનોથી જ ઉક્ત આરોપ સાબિત થયેલો જણાય છે અને તેથી, પૂર્ણ કક્ષાની ખાતાકીય તપાસ જરૂરી નથી. એવું પણ દર્શાવવામાં આવ્યું છે કે સામવાળાઓ શિસ્તબદ્ધ દળ છે અને જે વ્યક્તિ શિસ્તબદ્ધ દળમાં રોજગાર મેળવેલ છે, તે

કાયદો અને વ્યવસ્થા જાળવવાનું મહત્વપૂર્ણ કાર્ય કરે છે અને જો આવી વ્યક્તિ અન્ય મહિલા સાથે ગેરકાયદેસર સંબંધ ધરાવતી હોવાનું જણાય, તો તે ચોક્કસપણે કંડક્ટ રૂલ્સ હેઠળ ગેરવર્તણૂક ગણાશે અને તેથી, ખાસ કરીને ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ કોઈપણ રાહત, ખાસ કરીને ન્યાયી રાહત માટે હકદાર નથી. એવી વિનંતી કરવામાં આવે છે કે કોઈ પણ રાહત આપ્યા વિના અરજી ફગાવી દેવામાં આવે.

૯. અરજદારના વિ. વકીલ શ્રી દીપન દેસાઈએ રજૂઆત કરી છે કે જે પાયા પર તારીખ ૨૭.૧૧.૨૦૧૩ નો ઓર્ડર પસાર કરવામાં આવ્યો છે તે એ છે કે અરજદારે ગેરવર્તણૂક કરી છે અને મહિલાઓને સુરક્ષા અને સલામતી પૂરી પાડવાને બદલે પોલીસ વિભાગની છબી ખરડાવી છે, જે ભૂલભરેલું છે. વાસ્તવમાં, અરજદાર અને મહિલા બંનેએ તેમના નિવેદનોમાં કબૂલાત કરી છે કે તેઓ વચ્ચે પ્રેમસંબંધ હતો અને બધું જ તેમની પોતાની મરજીથી થયું હતું. આવી રજૂઆતના સમર્થનમાં, મહિલાના તારીખ ૧૨.૧.૨૦૧૩ ના નિવેદન તરફ ધ્યાન દોરવામાં આવે છે જેમાં, પ્રશ્નોમાંથી એકના જવાબમાં, સ્વીકારોક્તિ છે અને વિગતો સાચી છે, તેમ છતાં, તેણીએ એવું પણ જણાવ્યું છે કે તેણીએ પોતાની મરજીથી અરજદાર સાથે સંબંધ કેળવ્યો છે. ત્યારબાદ એવી રજૂઆત કરવામાં આવે છે કે પરિસ્થિતિ સંજોગોમાં, અરજદારે તેમની તારીખ ૫.૧૨.૨૦૧૩ ની રજૂઆતમાં વિનંતી કરી હતી કે કૌટુંબિક સંજોગો અને પરિવાર પર પડતી અસરને

ધ્યાનમાં રાખીને અરજદારને દોષમુક્ત કરવામાં આવે.

૯.૧ વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે મહિલાનું વર્તન પ્રશ્નાસ્પદ નથી. સત્તાધિકારીઓએ નિર્ણય લેવાનો હતો કે જે બનાવનો અરજદાર સામે આક્ષેપ કરવામાં આવી રહ્યો છે, તે ગેરવર્તણૂક બને છે કે કેમ. તદુપરાંત, ઓર્ડરમાં એક વિશિષ્ટ મક્કમ વિધાન કરવામાં આવ્યું છે કે મહિલાનું અરજદાર દ્વારા શોષણ કરવામાં આવ્યું છે. શું મહિલા અને અરજદાર વચ્ચેના સંમતિજનક સંબંધોને જોતાં, એવું કહી શકાય કે મહિલાનું શોષણ કરવામાં આવ્યું છે. સામવાળાનો એવો કેસ પણ નથી કે અરજદારે શારીરિક સંતોષની ગેરવર્તણૂક કરી છે કારણ કે, વિભાગ દ્વારા એવો આરોપ પણ મૂકવામાં આવ્યો નથી. તેથી, જ્યાં સુધી અરજદારનો સંબંધ છે ત્યાં સુધી તે લાગુ પડશે નહીં. એવું અવલોકન કરવામાં આવ્યું છે કે સામવાળાનો એવો પણ કેસ છે કે અરજદાર ગેરકાયદેસર સંબંધોમાં લિપ્ત હતો અને તે પૂરતું છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે ફરજો સાથેનો સંદર્ભ અને સુસંગતતા મહત્વપૂર્ણ છે. જ્યાં સુધી મહિલા સાથે અરજદારના પરસ્પર સંબંધોનો સંબંધ છે, તેને અરજદાર દ્વારા બજાવવાની થતી ફરજો સાથે કોઈ સુસંગતતા કે સંબંધ નથી.

૯.૨ એવી રજૂઆત કરવામાં આવે છે કે મહિલાએ પોતે તેના નિવેદનમાં કબૂલાત કરી છે કે તેણે સંબંધ વિકસાવ્યો હતો અને તેણીના કહેવાથી જ

અરજદારે તેના ઘરની મુલાકાત લીધી હતી. તેથી, જ્યારે મહિલાએ પોતે કોઈ શંકા વગર જણાવ્યું છે કે તેણે અરજદારને આમંત્રિત કર્યા હતા, ત્યારે એવું કહી શકાય નહીં કે આ કેસ શોષણનો કેસ છે. આથી, અરજદાર સામેનો સમગ્ર આરોપ કોઈપણ આધાર વગરનો છે અને રદ કરવાને પાત્ર છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે જે ગ્રાઉન્ડ પર અરજદારને દૂર કરવામાં આવ્યા છે, તે કાયદાની દ્રષ્ટિએ સ્પષ્ટપણે ટકવાપાત્ર નથી કારણ કે, આ મુદ્દો આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા વિવિધ નિર્ણયો દ્વારા આવરી લેવાયેલ છે. આવી રજૂઆતના સમર્થનમાં, શ્રી દેસાઈએ બોડુ તરમમદ (સુપ્રા) ના કેસમાં જજમેન્ટ પર નિર્ભરતા મૂકી છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે ઉક્ત કેસમાં, અરજદાર પરણેલો માણસ હતો અને છતાં હિન્દુ ધર્મશાસ્ત્ર મુજબ કે મુસ્લિમ ધર્મ મુજબ કોઈ લગ્નવિધિ કર્યા વિના, તેણે એક હિન્દુ છોકરી બાઈ સમુને પોલીસ લાઈન ક્વાર્ટરમાં તેની સાથે રહેવાની મંજૂરી આપી હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અરજદાર તરફથી કરવામાં આવેલ કૃત્ય અનૈતિકતાનું અને શિસ્ત, સામાન્ય વર્તણૂક વિરુદ્ધનું હતું અને પોલીસ અધિકારીને શોભે તેવું ન હતું. તેમાં વધુમાં ઠેરવવામાં આવ્યું હતું કે રેકોર્ડ પરથી સ્પષ્ટ થાય છે કે છોકરી ક્વાર્ટરમાં રહેતી હતી અને તેની અરજદારની પત્નીને જાણ હતી અને છોકરી અરજદાર સાથે લગ્ન કરવા માંગતી હતી અને તેથી, તે તેના પિતાનું ઘર છોડીને અરજદારના ઘરે સ્વેચ્છાએ આવી હતી અને અરજદારે તેના પર કોઈ અયોગ્ય પ્રભાવ પાડ્યો ન હતો. આ કોર્ટે, ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં ઠેરવ્યું કે એવું ક્યારેય કહી શકાય નહીં કે

અરજદારે 'સરકારી નોકર માટે અયોગ્ય' ગેરવર્તણૂક કરી છે કારણ કે, એવું કોઈ તારણ નથી કે અરજદારના ઉપરોક્ત વર્તનને તેણે બજાવવાની થતી ફરજ સાથે કોઈ સંબંધ હતો અથવા તેના વર્તને તેની ફરજોના પ્રમાણિક પાલનમાં દખલ કરી હતી કે દખલ કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. આ કોર્ટે વધુમાં અવલોકન કર્યું કે તેથી, શિસ્ત વિષયક સત્તાધિકારી એવા નિષ્કર્ષ પર આવતી વખતે સંપૂર્ણપણે ખોટા માર્ગે દોરવાયા હતા કે અરજદાર 'સરકારી નોકર માટે અયોગ્ય' ગેરવર્તણૂક માટે દોષી હતા.

૯.૩ શ્રી દેસાઈએ રજૂઆત કરી હતી કે આ કોર્ટ દ્વારા ઉક્ત કેસમાં નિર્ધારિત કરવામાં આવેલ સિદ્ધાંત વર્તમાન કેસના તથ્યોને સંપૂર્ણ રીતે લાગુ પડે છે. રેકોર્ડ પરથી અને ખાસ કરીને મહિલાના નોંધાયેલા નિવેદન પરથી જે જણાઈ આવે છે તેમ, અરજદાર અને મહિલા વચ્ચેના સંબંધો પરસ્પર હતા અને તેને અરજદાર દ્વારા બજાવવાની થતી ફરજ સાથે કોઈ સંબંધ ન હતો કે તેની ફરજોના પ્રમાણિક પાલનમાં દખલ કરવાનો પ્રયાસ ન હતો. એવું કહી શકાય નહીં કે અરજદારે સરકારી નોકર માટે અયોગ્ય હોય તેવી ગેરવર્તણૂક કરી છે જેથી તેમને નોકરીમાંથી બરતરફ કરી શકાય.

૯.૪ દક્ષાબેન પટેલ વિ. ગુજરાત રાજ્ય, જે ૨૦૧૪ (૧૩) જીએલએચ ૧૪ માં રિપોર્ટ થયેલ છે, તે કેસના જજમેન્ટ પર વધુ નિર્ભરતા મૂકવામાં આવે છે.

એવી રજૂઆત કરવામાં આવે છે કે કેસ વિધવા સરકારી નોકર સંબંધિત છે જેમણે લગ્ન કર્યા વિના બાળક ધારણ કર્યું હતું. લગ્ન કર્યા વિના બાળક ધારણ કરવું એ ગેરવર્તણૂક છે તેવા ગ્રાઉન્ડ પર કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. વિ. સિંગલ જજશ્રીએ એવું નોંધતા અરજી રદ કરી હતી કે અરજદારે લગ્ન વિના બાળકને જન્મ આપ્યો હતો, જે કૃત્ય હિન્દુ મેરેજ એક્ટ હેઠળ પરવાનગીપાત્ર ન હતું અને ઈન્ડિયન પીનલ કોડ હેઠળ પણ ગુનો હતો. એવી રજૂઆત કરવામાં આવે છે કે નામોદાર ડિવિઝન બેંચે, અપીલ ગંજૂર કરતી વખતે, વિ. સિંગલ જજશ્રીના જજમેન્ટને તેમજ શિસ્તભંગની કાર્યવાહીને રદ કરી અને સેટ અસાઈડ કરી. પેરા ૧૧ માં, એવું ઠેરવવામાં આવ્યું છે કે કલ્પનાના કોઈ પણ છોડ પર, એવું કહી શકાય નહીં કે અરજદારના બાળકને જન્મ આપવાના કૃત્યને તેની ફરજ સાથે કોઈ સંબંધ હતો, ખાસ કરીને તેની જુનિયર ક્લાર્કની સ્થિતિને જોતાં. એવી રજૂઆત કરવામાં આવે છે કે આ કોર્ટે વધુમાં અવલોકન કર્યું કે આવા કૃત્યને 'સરકારી નોકર માટે અયોગ્ય' કૃત્ય કહી શકાય નહીં. જ્યારે સ્ત્રી અવિવાહિત હોય ત્યારે બાળકને જન્મ આપવો તે સમાજના ઘણા લોકો માટે અસ્વીકાર્ય હોઈ શકે છે; જો કે, તેના વર્તનને સામાજિક નૈતિકતાના આધારે જજ કરી શકાય નહીં. આ કોર્ટે પેરા ૧૩ માં અવલોકન કર્યું છે કે અરજદાર પરિણિત ન હોવા છતાં બાળકને જન્મ આપવાના કૃત્યને જુનિયર ક્લાર્કની પોસ્ટની ફરજ બજાવવા સાથે કોઈ લેવાદેવા નથી અને આવું કૃત્ય તેની સામે કોઈ ગેરવર્તણૂક સમાન બની શકે નહીં.

૯.૫ મહેશ ચંદ શર્મા વિ. રાજસ્થાન રાજ્ય, જે એસ.બી. સિવિલ રિટ પિટિશન નં. ૨૦૬૭ / ૧૯૯૯ માં આપવામાં આવેલ છે, તે રાજસ્થાન હાઈકોર્ટના જજમેન્ટ પર વધુ નિર્ભરતા મૂકવામાં આવે છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે અરજદાર રાજસ્થાન પોલીસમાં ઈન્સ્પેક્ટર તરીકે ફરજબજાવતા હતા, તેમણે ઈન્ડિયન એરફોર્સમાં ૧૮ વર્ષ સેવા આપી હતી, તેમને તેમનો ડીએનએ ટેસ્ટ કરાવવા માટે જણાવવામાં આવ્યું હતું, ત્યારબાદ ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી હતી, જેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અરજદાર રાજસ્થાન પોલીસમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ ધર્મા રાણી સાથે ગેરકાયદેસર સંબંધો ધરાવતા હતા; અને તેમના ગેરકાયદેસર સંબંધોથી એક બાળક પણ જન્મ્યું હતું. રિટ અરજી ગંજૂર કરતી વખતે, પેરા ૪૩ માં, એવું અવલોકન કરવામાં આવ્યું છે કે માનવ ગૌરવ પોતાની સાથે સ્વાયત્તતાના ખ્યાલનો અધિકાર પણ ધરાવે છે અને પોતાના શરીર અને પોતાના જીવનસાથીની પસંદગી કે જેની સાથે તે રહેવા માંગે છે કે જાતીય સંબંધ રાખવા માંગે છે તે અંગે પોતાના માટે અથવા પોતાની જાતે નિર્ણય લેવાનો અધિકાર પણ ધરાવે છે. આ પસંદગીઓ અને નિર્ણયો ખાતાકીય કાર્યવાહીનો વિષય બની શકે નહીં અને કોઈ પણ એમ્પ્લોયરને તેના કર્મચારીઓ પર નૈતિક પોલીસિંગ કરવાની મંજૂરી આપી શકાય નહીં જે તેના જાહેર જીવનના ક્ષેત્રથી પર હોય. કોર્ટે વધુમાં અવલોકન કર્યું કે કોઈ વ્યક્તિ દ્વારા બીજી સ્ત્રી કે પુરુષ સાથે, જેમ હોય તેમ, તેના/તેણીના જીવનસાથી હયાત હોય તે દરમિયાન બાંધવામાં આવેલા સંબંધનું કૃત્ય

વ્યભિચાર સમાન કૃત્ય ગણાશે અને જ્યાં સુધી ભારતીય સમાજનો સંબંધ છે ત્યાં સુધી તેને અનૈતિક કૃત્ય ગણવામાં આવશે. તેની પ્રશંસા કરવાની ન હોય. જોકે, તે એમ્પ્લોયર દ્વારા ખાતાકીય કાર્યવાહી શરૂ કરવા માટેનું ગ્રાઉન્ડ બનશે નહીં અને જે વ્યક્તિ વ્યક્તિગત રીતે અસરગ્રસ્ત થઈ શકે તેના માટે સિવિલ કાયદામાં તેની/તેણીની સામે ઉપચાર લેવા અને આગળ વધવા માટે અથવા દાવો દાખલ કરવા માટે શ્રેષ્ઠ છોડી દેવામાં આવે છે, જેમ હોય તેમ. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે કોર્ટે ઠેરવ્યું છે કે આવું કૃત્ય, અનૈતિક કૃત્ય હોઈ શકે છે, પરંતુ એમ્પ્લોયર દ્વારા તેને ખાતાકીય કાર્યવાહીને આધીન બનાવી શકાય નહીં. એવી રજૂઆત કરવામાં આવે છે કે વર્તમાન કેસમાં, જ્યારે મહિલા અને અરજદાર વચ્ચેના સંબંધો પરસ્પર હતા અને મહિલાને અરજદાર દ્વારા કોઈ શોષણનો ભોગ બનાવાઈ ન હતી, ત્યારે સામવાળાઓ દ્વારા ઓર્ડરો પસાર કરવા તે ભૂલભરેલું છે અને રદ કરવા અને સેટ અસાઈડ કરવાને પાત્ર છે.

૯.૬ આ મુદ્દાનું સમાપન કરતી વખતે, એવી રજૂઆત કરવામાં આવે છે કે અરજદારે ન તો વિધવાનું શોષણ કર્યું છે કે ન તો પોતાના હોદ્દાનો લાભ લીધો છે અને તેથી, અરજદાર સામે આક્ષેપ કરવામાં આવેલા આરોપો ટકી શકે નહીં. એવી રજૂઆત કરવામાં આવે છે કે સામવાળાઓએ અરજદારના જવાબ પર વિચાર કર્યો ન હતો અને સંપૂર્ણપણે જોહુકમીભરી રીતે, કોઈ તપાસ કર્યા વિના, અરજદારને નોકરીમાંથી બરતરફ કર્યા.

૯.૭ રજૂઆતના અન્ય એક ભાગ તરફ ધ્યાન દોરતાં, એટલે કે ભારતના બંધારણના અનુચ્છેદ ૩૧૧ ના ખંડ (૨) ના બીજા પરંતુકના ઉપ–ખંડ (બી) હેઠળની સત્તાઓનો ઉપયોગ કરતી વખતે તપાસ જતી કરવી, એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૭૧ ના નિયમોનો નિયમ ૯, મોટી શિક્ષાઓ લાદવા માટેની પ્રક્રિયા પૂરી પાડે છે અને અનુચ્છેદ ૩૧૧ ના ખંડ (૨) ના બીજા પરંતુકના ઉપ–ખંડ (બી) માં જે જોગવાઈ કરવામાં આવી છે તે એક અપવાદ છે. અનુચ્છેદ ૩૧૧ (૨) ખંડ (બી) ના ગુણદોષ પર અપવાદ પૂરો પાડીને તપાસ પછી જ બરતરફી પૂરી પાડે છે. ઉપ–ખંડ (બી) પૂરો પાડે છે કે જ્યાં કોઈ વ્યક્તિને બરતરફ કરવા અથવા દૂર કરવા અથવા તેને રેંકમાં ઉતારવા માટે સક્ષમ સત્તાધિકારીને ખાતરી થાય કે તે સત્તાધિકારી દ્વારા લિખિતમાં નોંધવાના કોઈ કારણસર, આવી તપાસ હાથ ધરવી વ્યાજબી રીતે વ્યવહારુ નથી, તો તે તપાસ જતી કરી શકે છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે વર્તમાન કેસમાં, સત્તાધિકારીએ લિખિતમાં નોંધ્યું છે કે તપાસ હાથ ધરવી વ્યાજબી રીતે વ્યવહારુ નથી અને જે એકમાત્ર કારણ આપવામાં આવ્યું છે તે એ છે કે તપાસના સંચાલનથી પક્ષકારો અસ્વસ્થતાભરી સ્થિતિમાં મુકાઈ જશે અને તેથી, ખાતાકીય તપાસ હાથ ધરવી યોગ્ય નથી. આમ કરતી વખતે, એવું અવલોકન કરવામાં આવ્યું છે કે અરજદારે ગેરવર્તણૂક કરી છે તેવા પ્રથમ દર્શનીય નિષ્કર્ષ પર આવવા માટે રેકોર્ડ પર પૂરતી સામગ્રી ઉપલબ્ધ છે. તારીખ ૧૦.૧૦.૨૦૧૩ ની કારણ

દર્શાવો નોટિસ તેમજ એફિડેવિટ તરફ ધ્યાન દોરતાં, એવી રજૂઆત કરવામાં આવે છે કે ન તો ઓર્ડરમાં કે ન તો એફિડેવિટમાં, સામવાળાઓએ ઉક્ત પાસાની કાળજી લીધી છે અને જે અવલોકન કરવામાં આવ્યું છે તે માત્ર અટકળ માત્ર છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે ભારતના બંધારણના અનુચ્છેદ ૩૧૧ ના ખંડ (૨) ના બીજા પરંતુકના ઉપ-ખંડ (બી) માં પૂરા પાડવામાં આવેલા અપવાદનો આ રીતે ઉપયોગ કરી શકાય નહીં, કારણ કે કોઈ પણ કારણ દર્શાવવામાં આવી રહ્યું નથી. તદુપરાંત, ઉક્ત કૃત્ય ગેરવર્તણૂક કહી શકાય કે કેમ તે અંગે એક પણ શબ્દ નથી. સત્તાધિકારીઓએ એ વાતની કદર કરવી જોઈતી હતી કે અરજદાર પાસે ગુજારાત માટે પરિવાર છે અને ૧૩ વર્ષની બિનડાઘી કારકિર્દી આપ્યા પછી, સામવાળા સત્તાધિકારીઓએ બરતરફીનો ઓર્ડર પસાર કર્યો છે, જે કથિત ગેરવર્તણૂકના પ્રમાણમાં અસંગત છે. તેથી, સામવાળા સત્તાધિંકારીઓ દ્ધારા પસાર કરવામા આવેલા ઓર્ડરો રદ કરવા અને સેટ અસાઈડ કરવાને પાત્ર છે.

૯.૮ રજૂઆતના સમર્થનમાં, જસવંત સિંહ નેરવાલ વિ. પંજાબ રાજ્ય અને અન્ય, જે (૧૯૯૧) ૧ એસસીસી ૩૬૨ માં રિપોર્ટ થયેલ છે, તે કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પર નિર્ભરતા મૂકવામાં આવે છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે નામદાર સુપ્રીમ કોર્ટે, ભારતના બંધારણના અનુચ્છેદ ૩૧૧ ના ખંડ (૨) ના બીજા પરંતુકના ઉપ-ખંડ (બી) ની ભાષા સ્પષ્ટ કરતી વખતે

ઠેરવ્યું છે કે એવી પરિસ્થિતિ અસ્તિત્વમાં હોવી જોઈએ જે કોઈ પણ તપાસ હાથ ધરવાનું "વ્યાજબી રીતે અશક્ય" બનાવે; અને શિસ્ત વિષયક સત્તાધિકારીએ તેની ખાતરીના સમર્થનમાં તેના કારણો લિખિતમાં નોંધવા જોઈએ. એવી રજૂઆત કરવામાં આવે છે કે ઓર્ડર પરથી સ્પષ્ટ થાય છે તેમ, તપાસ સંબંધિતોને અસ્વસ્થતાભરી સ્થિતિમાં મૂકી દેશે તેમ કહેવા સિવાય, તપાસ હાથ ધરવી કેવી રીતે વ્યાજબી રીતે અશક્ય બનશે તે અંગેના કોઈ કારણો દર્શાવવામાં આવ્યા નથી. વાસ્તવમાં, સીસીટીવી લગાવવાના કારણે અરજદારની ગોપનીયતા તેમની સંમતિ વિના જોખમમાં મૂકાઈ છે. એવું પણ સબમિટ કરવામાં આવે છે કે માત્ર "પક્ષકારોને અસ્વસ્થતાભરી સ્થિતિમાં મૂકવા" નો સંદર્ભ આપવાથી, સત્તાધિકારીઓને તપાસ હાથ ધરવામાંથી મુક્તિ મળશે નહીં, ખાસ કરીને જ્યારે અરજદારને નોકરીમાંથી બરતરફ કરીને મોટી શિક્ષા ફટકારવામાં આવી હોય.

૯.૯ યુનિયન ઓફ ઈન્ડિયા વિ. તુલસીરામ પટેલ અને અન્ય, જે (૧૯૯૫) ૧ એસસીસી ૩૯૮ માં રિપોર્ટ થયેલ છે, તે કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પર વધુ નિર્ભરતા મૂકવામાં આવે છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે નામદાર સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું છે કે શિસ્ત વિષયક સત્તાધિકારી પાસેથી હળવાશથી અથવા મનસ્વી રીતે અથવા છુપા હેતુઓથી અથવા માત્ર તપાસ હાથ ધરવાનું ટાળવા માટે અથવા સરકારી નોકર સામે વિભાગનો કેસ નબળો છે અને નિષ્ફળ જવો જોઈએ તે માટે શિસ્તભંગની તપાસ જતી કરવાની અપેક્ષા

રાખવામાં આવતી નથી. એવી રજૂઆત કરવામાં આવે છે કે એવું પણ ઠેરવવામાં આવ્યું છે કે તપાસ જતી કરવાના કારણની લિખિત નોંધ શિક્ષા લાદતા ઓર્ડર પહેલાં હોવી જોઈએ. વર્તમાન કેસમાં, જેમ શોધી શકાય છે તેમ, તપાસ પક્ષકારોને અસ્વસ્થતાભરી સ્થિતિમાં મુકશે તે હકીકત સિવાય, તપાસ જતી કરવા માટે કોઈ વધુ કારણો આપવામાં આવ્યા નથી.

૯.૧૦ પી. ડી. કાપડિયા વિ. સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર, જે ૨૦૦૧(૦) જીએલએચઈએલ–એચસી–૨૦૮૯૦૪ માં રિપોર્ટ થયેલ છે, તે કેસમાં આ કોર્ટના જજમેન્ટ પર પણ નિર્ભરતા મૂકવામાં આવે છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે આ કોર્ટે પેરા ૧૦ માં જસવંત સિંહ નેરવાલ (સુપ્રા) ના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પર નિર્ભરતા મૂકતી વખતે ઠેરવ્યું હતું કે સંક્ષિપ્ત કાર્યવાહી હાથ ધરવા માટે કારણો નોંધવામાં આવ્યા ન હોવાથી, નોકરીમાંથી દૂર કરવાની શિક્ષા આપતી કાર્યવાહી બંધારણનું ઉલ્લંઘન છે. આ કોર્ટે, તે કારણોસર રિટ અરજી ગંજૂર કરી હતી કે તપાસ હાથ ધરવી વ્યાજબી રીતે અશક્ય હતી તે દર્શાવતા કારણો નોંધવામાં આવ્યા ન હતા. સામવાળા સત્તાધિકારીઓ તરફથી કરવામાં આવેલ કૃત્ય દૂષિત અને કાયદાની નજરમાં ટકવાપાત્ર નથી તેમ ઠેરવવામાં આવ્યું હતું.

૯.૧૧ ગોવિંદભાઈ મૂળજીભાઈ પરમાર વિ. જે. મહાપાત્રા, જે

૧૯૮૬ જીએલએચ ૧૮૯ માં રિપોર્ટ થયેલ છે, તે કેસમાં આ કોર્ટના જજમેન્ટ પર પણ નિર્ભરતા મૂકવામાં આવે છે. રિટ અરજીમાં, અરજદારે બરતરફીના ઓર્ડરને પડકાર્યો હતો અને ઉપસ્થિત કરવામાં આવેલી રજૂઆતોમાંની એક એ હતી કે ભારતના બંધારણના અનુચ્છેદ ૩૧૧ ના ખંડ (૨) ના બીજા પરંતુકના ઉપ–ખંડ (બી) માં સમાવિષ્ટ સત્તાનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. અરજદાર સામેનો આક્ષેપ એવો હતો કે અરજદારે દારૂ પીધેલી હાલતમાં ફરિયાદીને માર માર્યો હતો અને ઈજા પહોંચાડી હતી અને લૂંટ ચલાવી હતી જે ગંભીર પ્રકારનું શરમજનક કૃત્ય છે, જે પોલીસ અધિકારીને શોભે તેવું નથી. મહત્વના સાક્ષીઓ મિલિટરીના જવાનો હતા, જેઓ રાષ્ટ્રીય સંરક્ષણમાં રોકાયેલા હતા અને તેઓ સરળતાથી ઉપલબ્ધ થાય તેમ ન હોવાથી, ખાતાકીય તપાસ એવા ગ્રાઉન્ડ પર જતી કરવામાં આવી હતી કે તપાસ હાથ ધરવી વ્યાજબી રીતે અશક્ય છે. એવું અવલોકન કરવામાં આવ્યું છે કે શિસ્ત વિષયક સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલું ઉક્ત વિધાન હળવાશથી કરવામાં આવ્યું છે અને તપાસ હાથ ધરવાનું ટાળવા માટે મનસ્વીતાની ગંધ આવે છે. આ કોર્ટે ઠેરવ્યું કે નિયમિત ખાતાકીય તપાસ વ્યાજબી રીતે અશક્ય નથી તે અવલોકન બિલકુલ ગ્રાહ્ય રાખી શકાય નહીં.

૯.૧૨ કાંતિલાલ ગંડાલાલ મઢાક વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, જે ૧૯૯૯ (૧) જીએલએચ ૯૨૫ માં રિપોર્ટ થયેલ છે, તે કેસમાં આ કોર્ટના

જજમેન્ટ પર પણ નિર્ભરતા મૂકવામાં આવે છે. આ કોર્ટ સમક્ષના અપીલકાર આર.પી.એફ. રૂલ્સ, ૧૯૫૯ ના નિયમ ૪૪ હેઠળ પૂરી પાડવામાં આવેલી રીતે તપાસ હાથ ધરવી વ્યાજબી રીતે વ્યવહારુ નથી તેવા ગ્રાઉન્ડ પર સત્તાધિકારી દ્વારા તપાસ જતી કરવાની કાર્યવાહીથી નારાજ હતા. આ કોર્ટે ઠેરવ્યું કે અનુચ્છેદ ૩૧૧ અને ૧૯૫૯ ના નિયમો અનુસાર, એ સ્પષ્ટ છે કે ઓર્ડરનું સમર્થન કરનારાઓ માટે એ દર્શાવવું ફરજિયાત છે કે ખાતરી ચોક્કસ ઉદ્દેશ્યપૂર્ણ તથ્યો પર આધારિત છે અને તે તરંગ કે ચંચળતાનું પરિણામ નથી. આ કોર્ટે ઠેરવ્યું કે તપાસ જતી કરવા માટે નોંધાયેલા કારણો સુસંગત હોવા જોઈએ; જો કે, નોંધાયેલા કારણો એવા હતા કે તે નિયમ ૪૭ દ્વારા સત્તાધિકારીને આપવામાં આવેલી સત્તાના દુરુપયોગ સમાન છે અને ગેરવર્તણૂક અંગેના ઓર્ડરને એવા નિર્દેશ સાથે રદ કર્યો હતો કે નિયમો હેઠળ પૂરી પાડવામાં આવેલ તપાસ હાથ ધર્યા વિના ઓર્ડર પસાર કરવામાં આવશે નહીં.

૯.૧૩ યુનિયન ઓફ ઈન્ડિયા વિ. શિવ મંગલ, જે ૧૯૯૦ (૦) એઆઈજે–યુપી ૩૧૫૯૪૧ માં રિપોર્ટ થયેલ છે, તે કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટના જજમેન્ટ પર પણ નિર્ભરતા મૂકવામાં આવે છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે તથ્યોના સમાન સમૂહમાં, એવું ઠેરવવામાં આવ્યું છે કે શિક્ષા કરનાર સત્તાધિકારીએ આરપીએફ રૂલ્સ, ૧૯૫૯ ના નિયમ ૪૭ દ્વારા પરિકલ્પિત તપાસ જતી કરીને સ્પષ્ટપણે ભૂલ કરી છે, આપેલા કારણો તપાસ દરમિયાન પુરાવાની

અપ્રાપ્યતા અંગેના અટકળો અને કલ્પનાઓ પર અને ખોટા તથ્યો પર આધારિત છે. દૂર કરવાનો ઓર્ડર રદ કરવામાં આવ્યો હતો અને યુનિયન ઓફ ઈન્ડિયા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ ફગાવી દેવામાં આવી હતી.

૯.૧૪ તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે વર્તમાન કેસમાં, તપાસ જતી કરવા માટે નોંધાયેલા કારણો નિરર્થક છે અને તેથી, ભારતના બંધારણના અનુચ્છેદ ૩૧૧ ના ખંડ (૨) ના બીજા પરંતુકના ઉપ–ખંડ (બી) દ્વારા આપવામાં આવેલી સત્તાઓના ઉપયોગનો દુરુપયોગ છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે તપાસ જતી કરવાનો ઓર્ડર પસાર કરવામાં સામવાળા સત્તાધિકારીઓ તરફથી કરવામાં આવેલી કાર્યવાહી ખરાબ, ગેરકાનૂની અને સુસ્થાપિત સ્થિતિ વિરુદ્ધની છે. એવી વિનંતી કરવામાં આવે છે કે તમામ બાબતોમાં, પ્રથમ તબક્કે શિસ્ત વિષયક સત્તાધિકારી દ્વારા, બીજા તબક્કે અપીલ સત્તાધિકારી દ્વારા અને રિવિઝનલ સત્તાધિકારી દ્વારા પસાર કરવામાં આવેલા ઓર્ડરો બુદ્ધિનો ઉપયોગ ન કરવા, સત્તાનો દુરુપયોગ કરવા સિવાય કંઈ નથી અને તેથી, કાયદાની નજરમાં અટકી શકે તેમ નથી અને રદ કરવા અને સેટ અસાઈડ કરવાને પાત્ર છે. એવી વિનંતી કરવામાં આવે છે કે અરજી ગંજૂર કરવામાં આવે અને અરજદારને તમામ પરિણામી લાભો સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપવામાં આવે.

૧૦. તેનાથી વિપરીત, સહાયક સરકારી વકીલ શ્રી ધવન જયસ્વાલે રિટ અરજીનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે સામવાળા સત્તાધિકારીઓએ ઓર્ડર પસાર કરવામાં કંઈ ખોટું કર્યું નથી. તપાસ જતી કરતી વખતે તેમજ અરજદારને નોકરીમાંથી બરતરફ કરવાનો ઓર્ડર પસાર કરતી વખતે તમામ પાસાઓ પર યોગ્ય રીતે વિચાર કરવામાં આવ્યો છે. શરૂઆતમાં, એવી રજૂઆત કરવામાં આવે છે કે અરજદાર તેમજ મહિલા તરફથી સ્વીકારોક્તિને જોતાં, કોઈ પૂર્ણ કક્ષાની તપાસની જરૂર ન હતી.

૧૦.૧ એવી રજૂઆત કરવામાં આવે છે કે અરજદાર પોલીસ અધિકારી હોવાથી, તેમની પાસેથી શિસ્તના ઉચ્ચ ધોરણો જાળવવાની અપેક્ષા રાખવામાં આવે છે અને આ પ્રકારના કૃત્યમાં લિપ્ત થઈને, અરજદારે પોલીસ વિભાગની બદનામી કરી છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે પોલીસ દળ એ શિસ્તબદ્ધ દળ છે અને જે વ્યક્તિ નોકરીમાં છે, તે કાયદો અને વ્યવસ્થા જાળવવાનું મહત્વપૂર્ણ કાર્ય કરી રહી છે અને જો તે વ્યક્તિ બીજી મહિલા સાથે ગેરકાયદેસર સંબંધ ધરાવતી હોય, તો તે કંડક્ટ રૂલ્સ, ૧૯૭૧ ના નિયમ ૩ હેઠળ ગેરવર્તણૂક ગણાશે.

૧૦.૨ પ્રભાતસિંહ સમતસિંહ (સુપ્રા) ના કેસમાં આ કોર્ટના જજમેન્ટ પર નિર્ભરતા મૂકવામાં આવે છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે રેકોર્ડ પરથી

જણાય છે તેમ, અરજદાર તેમજ મહિલા તરફથી સ્વીકારોક્તિ છે. તેથી, હવે એ સુસ્થાપિત થઈ ગયું છે કે ખાતાકીય તપાસમાં, જરૂરી પુરાવા વાજબી શંકાથી પર નથી, પરંતુ શક્યતાઓની પ્રબળતાના છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે કંડક્ટ રૂલ્સ, ૧૯૭૧ નો નિયમ ૩ પૂરો પાડે છે કે દરેક સરકારી નોકરે દરેક સમયે, પૂર્ણ સંનિષ્ઠા જાળવવી જોઈએ, ફરજ પ્રત્યે નિષ્ઠા જાળવવી જોઈએ અને સરકારી નોકર માટે અયોગ્ય હોય તેવું કંઈ કરવું નહીં. એવી રજૂઆત કરવામાં આવે છે કે આ કોર્ટે, 'સરકારી નોકર માટે અયોગ્ય હોય તેવું કંઈ કરવું નહીં' એ શબ્દપ્રયોગનું અર્થઘટન કરતી વખતે ઠેરવ્યું છે કે વિશાળ ક્ષેત્ર અને સરકારી નોકરના મોટી સંખ્યાના કાર્યો ઉક્ત શબ્દપ્રયોગ હેઠળ આવરી લેવાશે. એવી રજૂઆત કરવામાં આવે છે કે હાઈકોર્ટ સમક્ષના કેસમાં, અરજદારે લગ્ન ચાલુ હોવા છતાં, પાંચ બાળકો હોવા છતાં બીજી મહિલા સાથે ગેરકાયદેસર સંબંધો રાખ્યા હતા, જેની સાથે તેમણે બે બાળકોને જન્મ આપીને કેટલાય વર્ષો સુધી સહવાસ કર્યો હતો અને ત્યાર પછી, ફરી એકવાર એક ફરિયાદની તપાસ કરતી વખતે, તેઓ અન્ય મહિલાના સંપર્કમાં આવ્યા, બીજી મહિલા સાથે ગેરકાયદેસર સંબંધો બાંધ્યા અને તેની સાથે ભાગી ગયા અને પતિ–પત્ની તરીકે સાથે રહેવા લાગ્યા. આ કોર્ટે ઠેરવ્યું કે પોલીસ અધિકારીનું આવું વર્તન, શિસ્તબદ્ધ દળમાં કાર્યરત હોઇ, કાયદો અને વ્યવસ્થા જાળવવાનું અને ગુનાઓની તપાસ કરવાનું મહત્વપૂર્ણ કાર્ય બજાવતાં, ચોક્કસપણે સરકારી નોકર માટે અયોગ્ય કૃત્ય ગણાશે અને તેથી, ગેરવર્તણૂક ગણાશે. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે

વર્તમાન કેસમાં પણ, અરજદારને પૂરતી તક આપવામાં આવી હતી અને અરજદાર તેમજ મહિલા તરફથી સ્વીકારોક્તિ પર વિચાર કર્યા પછી, અરજદારને નોકરીમાંથી દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

૧૦.૩ તપાસ જતી કરવાના પાસા તરફ ધ્યાન દોરતાં, એવી રજૂઆત કરવામાં આવે છે કે અરજદારે એ વાતનો સ્વીકાર કર્યો છે અને કબૂલ્યું છે કે તેમને મહિલા સાથે સંબંધ હતો અને તે તેની સંમતિથી હતો. એટલું જ નહીં, મહિલાએ પણ સત્તાધિકારીઓ સમક્ષ તેના નિવેદનમાં સ્વીકાર્યું છે કે તેણે અરજદાર સાથે સંબંધ વિકસાવ્યો છે. તેથી, અરજદારના મહિલા સાથે ગેરકાયદેસર સંબંધ હોવાનો આરોપ માત્ર અરજદાર અને મહિલા બંનેના નિવેદનોથી જ સાચો હોવાનું જણાય છે. તેથી, વિભાગનો એવો અભિપ્રાય હતો કે પૂર્ણ કક્ષાની ખાતાકીય તપાસ હાથ ધરવાની જરૂર નથી. પુનરાવર્તન કરતી વખતે, એવી રજૂઆત કરવામાં આવે છે કે અરજદાર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા, ગુનાઓની તપાસ વગેરે જેવા મહત્વપૂર્ણ કાર્યો બજાવવા માટે શિસ્તબદ્ધ દળ સાથે કામ કરતા પોલીસ અધિકારી છે અને તેઓ પોતે જ એવા સંબંધમાં લિપ્ત થયા છે જે, સમાજ દ્વારા નૈતિક રીતે સ્વિકાર્ય નથી, તે કંડક્ટ રૂલ્સ, ૧૯૭૧ ના નિયમ ૩ હેઠળ ગેરવર્તણૂક ગણાશે અને તેથી, અરજદારના વર્તનને ધ્યાનમાં લેતાં, તેઓ કોઈ રાહત માટે ખાસ કરીને ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ કોઈ ન્યાયી રાહત માટે હકદાર નથી.

૧૦.૪ અનુચ્છેદ ૩૧૧ (૨) ની જોગવાઈઓનો સંદર્ભ આપતાં, એવું રજૂ કરવામાં આવે છે કે કેટલીક પરિસ્થિતિઓમાં શિસ્ત વિષયક સત્તાધિકારીને વિવેકબુદ્ધિ સોંપવામાં આવી છે અને તે રીતે, તા. ૧૦.૧૦.૨૦૧૩ ની નોટિસ જારી કરતી વખતે, અંક વગરના ફકરા ૩ માં, સત્તાધિકારીએ એવું અવલોકન કર્યું છે કે અરજદાર પોલીસ દળમાં કામ કરતા એક પોલીસ અધિકારી છે અને જેમની ફરજ સામાન્ય જનતા, મહિલાઓ, બાળકો અને વડીલોને સુરક્ષા અને સલામતી પૂરી પાડવાની, સામાજિક સુરક્ષા પૂરી પાડવાની છે; જોકે, ફરજ બજાવવાને બદલે, અરજદારે, પત્ની, ત્રણ બાળકો હોવા છતાં; વિધવા સાથે સંબંધ વિકસાવ્યા છે અને તેનું શારીરિક શોષણ કર્યું છે અને તેથી, રેકોર્ડ પર ઉપલબ્ધ સાધન–સામગ્રીના આધારે, એ સાબિત થાય છે કે અરજદારે નૈતિક અધઃપતનનો ગેરવર્તણૂકનો ગુનો કર્યો છે. એવું વધુ રજૂ કરવામાં આવે છે કે અરજદાર સંમતિજનક સંબંધોમાં સામેલ હોઈ શકે છે, પરંતુ તેમના હોદ્દા અને બજાવવાની ફરજોને ધ્યાનમાં લેતાં, સમાજ તેને હીન દ્રષ્ટિથી જોશે. વળી, ઉક્ત કૃત્ય શારીરિક સંતોષના કૃત્ય સિવાય બીજું કંઈ નથી અને પરિણામે, એક સ્ત્રીનું શોષણ છે. તેથી, તપાસ રદ કરવાનો નિર્ણય યોગ્ય અને નિષ્ઠાપૂર્વકનો છે.

૧૦.૫ પવન કુમાર વિરુદ્ધ હરિયાણા રાજ્ય ના કેસમાં સર્વોચ્ચ અદાલતના (૧૯૯૬) ૪ એસસીસી ૧૭ માં રિપોર્ટ થયેલ ચુકાદા પર વિશ્વાસ

મૂકવામાં આવે છે. એવું રજૂ કરવામાં આવે છે કે અન્યથા પણ, તપાસ રદ કરવાના હુકમને અરજદાર દ્વારા કોઈ પણ સમયે પડકારવામાં આવ્યો નથી અને અરજદાર દ્વારા જે પડકારવામાં આવ્યું છે તે તા. ૨૭.૧૧.૨૦૧૩, ૧૯.૭.૨૦૧૪ ના હુકમો તેમજ રિવિઝનમાં પસાર કરવામાં આવેલ તા. ૨.૧૨/૧.૨૦૧૪/૨૦૧૫ ના હુકમને રદ કરવા માટે છે. તેના અનુસંધાનમાં, એવું રજૂ કરવામાં આવે છે કે અરજદારની તા. ૫.૧૨.૨૦૧૩ ની રજૂઆત પરથી સ્પષ્ટ થાય છે કે એવી વિનંતી કરવામાં આવી છે કે કરવામાં આવેલી શિક્ષા ખૂબ જ સખત છે અને બરતરફી પર પુનર્વિચાર કરવામાં આવે, કારણ કે તેની અરજદારના પરિવાર પર ગંભીર અસરો પડી શકે છે. તેથી, તા. ૫.૧૨.૨૦૧૩ ની રજૂઆતમાં, તપાસ રદ કરવાને પડકારવાનો અરજદારનો ક્યારેય કેસ નહોતો. એવું રજૂ કરવામાં આવે છે કે અપીલ સત્તાધિકારી સમક્ષની કાર્યવાહીમાં અને રિવિઝનલ સત્તાધિકારી સમક્ષની કાર્યવાહીમાં પણ આવી જ સ્થિતિ હતી. તા. ૧૦.૧૦.૨૦૧૩ ના હુકમને અરજદાર દ્વારા અપીલમાં કે રિવિઝનમાં પડકારવામાં આવ્યો નથી. તેમણે ઉક્ત હુકમનો સ્વીકાર કર્યો હોવાથી, તેમના માટે હવે ઉક્ત મુદ્દો ઉઠાવવો અસ્વીકાર્ય બનશે.

૧૦.૬ ડિરેક્ટર, નવોદય વિદ્યાલય સમિતિ વિરુદ્ધ બબ્બન પ્રસાદ યાદવ ના કેસમાં સર્વોચ્ચ અદાલતના (૨૦૦૪) ૧૩ એસસીસી ૫૬૮ માં રિપોર્ટ થયેલ ચુકાદા પર વિશ્વાસ મૂકવામાં આવે છે. એવું વધુ રજૂ કરવામાં આવે છે કે અરજદાર

એક પોલીસ અધિકારી છે અને કૃત્યનો સ્વીકાર કરે છે, અને આ કૃત્ય પોલીસ અધિકારી તરીકે તૈનાત વ્યક્તિને શોભતું નથી. આવા પાસાને ધ્યાનમાં રાખીને, શિસ્ત વિષયક સત્તાધિકારીએ તપાસ ન યોજવી યોગ્ય માની, અન્યથા તેનાથી સંબંધિત તમામ લોકો માટે શરમજનક પરિસ્થિતિ ઊભી થઈ હોત.

૧૦.૭ ગુજરાત સરકાર વિરુદ્ધ શિવાભાઈ એસ. મકવાણા ના કેસમાં આ કોર્ટના ૧૯૯૯ (૧) જીએલઆર ૮૮૧ માં રિપોર્ટ થયેલ ચુકાદા પર વિશ્વાસ મૂકવામાં આવે છે. પુનરાવર્તનના ભોગે, એવું રજૂ કરવામાં આવે છે કે અરજદાર એક પોલીસ અધિકારી છે અને તેમની પાસેથી શિસ્તના ઉચ્ચ ધોરણો જાળવવાની અપેક્ષા રાખવામાં આવે છે અને આ પ્રકારના કૃત્યમાં સામેલ થઈને, અરજદારે ખાતાને અપ્રતિષ્ઠા અપાવી છે. અરજદારના ભાગે થયેલ ગેરવર્તણૂકને ધ્યાનમાં લેતાં, અરજદાર ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ કોઈ રાહત માટે હકદાર નથી અને અરજી રદ કરવાને પાત્ર છે.

૧૧. વિ. વકીલ શ્રી દીપન દેસાઈએ, ટૂંકી પ્રત્યુત્તરમાં, રજૂઆત કરી હતી કે તપાસ રદ કરવાના હુકમને ન પડકારવાનું પાસું અયોગ્ય છે. એવું રજૂ કરવામાં આવે છે કે સત્તાધિકારીઓએ એ વાત ધ્યાને લેવી જોઈતી હતી કે તા. ૧૦.૧૦.૨૦૧૩ નો હુકમ આખરી હુકમ સાથે વિલીન થઈ ગયો છે, જે હુકમને તમામ ગ્રાઉન્ડ્સ પર પડકારવામાં આવ્યો છે. સત્તાધિકારીઓ સમક્ષ અરજદારનો

સ્પષ્ટપણે એવો કેસ છે કે સત્તાધિકારીઓ તપાસ રદ કરી શક્યા ન હોત. એવું રજૂ કરવામાં આવે છે કે અરજીમાં પણ, એવી રજૂઆત કરવામાં આવી છે કે આક્ષેપિત હુકમો કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ભંગમાં અને વૈધાનિક જોગવાઈઓથી વિપરીત પસાર કરવામાં આવ્યા છે કારણ કે શિસ્ત અને અપીલ નિયમો હેઠળ પૂરેપૂરી તપાસ યોજવામાં આવી નથી, જે શિક્ષા કરતી વખતે ખાતાકીય તપાસ યોજવાનું ફરજિયાત બનાવે છે. આગળ એવું રજૂ કરવામાં આવે છે કે તા. ૨૫.૧૦.૨૦૧૩ ની રજૂઆતમાં પણ, અરજદારનો એવો સ્પષ્ટ કેસ છે કે બંધારણનો અનુચ્છેદ ૩૧૧ (૨), તપાસ યોજવાનું ફરજિયાત બનાવે છે અને જો તપાસ ચલાવવી વ્યાજબી રીતે અશક્ય હોય તો જ અને તે પણ લેખિતમાં કારણો નોંધ્યા પછી જ તેને રદ કરી શકાય છે. એવું રજૂ કરવામાં આવે છે કે તા. ૨૫.૧૦.૨૦૧૩ ની ઉક્ત રજૂઆતમાં વિગતવાર રજૂઆતો કરવામાં આવી છે; જોકે, સત્તાધિકારીઓએ તે ધ્યાને લીધી નથી. તેવી જ રીતે, સામાવાળા નં.૩ સમક્ષ દાખલ કરવામાં આવેલી અપીલમાં, તા. ૫.૧૨.૨૦૧૩ ની અપીલ મેમોમાં સ્પષ્ટ રજૂઆત કરવામાં આવી છે જેમાં દર્શાવવામાં આવ્યું છે કે અનુચ્છેદ ૩૧૧(૨) (બી) તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૨૫ ની જોગવાઈઓને ધ્યાનમાં લેતાં મોટી શિક્ષા કરતા પહેલા તપાસ યોજવાનું ફરજિયાત છે. સત્તાધિકારીઓના ધ્યાન પર ચુકાદાઓ પણ લાવવામાં આવ્યા છે, જેમાં બોડુ તરમામદ (ઉપરોક્ત) ના કેસમાં ચુકાદાનો પણ સમાવેશ થાય છે. એવું રજૂ કરવામાં આવે છે કે અરજદાર દ્વારા બરતરફીને પડકારવામાં તપાસ રદ

કરવાના પડકારનો પણ સમાવેશ થાય છે. સમાપન કરતી વખતે, એવું રજૂ કરવામાં આવે છે કે સામાવાળા સત્તાધિકારીઓ દ્વારા કરવામાં આવેલી ઉક્ત રજૂઆત ભ્રામક છે અને કોઈ આધાર વગરની છે અને સ્વીકારવાને પાત્ર નથી. તેથી, એવી વિનંતી કરવામાં આવે છે કે અરજી મંજૂર કરવાને પાત્ર છે અને સામાવાળાઓને તમામ પરિણામી લાભો સાથે અરજદારને પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવે.

૧૨. સંબંધિત પક્ષકારો તરફથી ઉપસ્થિત રહેલા વિ. વકીલોને સાંભળ્યા અને રેકોર્ડ પર ઉપલબ્ધ દસ્તાવેજોનું અવલોકન કર્યું.

૧૩. વર્તમાન કેસની હકીકતો એ અસરની છે કે તા. ૨.૧૧.૨૦૧૨ અને તા. ૩.૧૧.૨૦૧૨ ના રોજ, મહિલાના કહેવાથી, અરજદારે રાત્રિના સમયે, તેના ક્વાર્ટરની મુલાકાત લીધી હતી જ્યાં તે રહેતી હતી અને ગાઢ ક્ષણો વિતાવી હતી, જે સ્થાપિત સીસીટીવી કેમેરામાં કેપ્ચર થઈ ગઈ હતી. આ બનાવને કારણે મહિલાના જેઠ દ્વારા સામાવાળા નં.૩ ને તા. ૭.૧૨.૨૦૧૨ ની એક ફરિયાદ દાખલ કરવામાં આવી, જેમાં અન્ય બાબતો સાથે જણાવવામાં આવ્યું કે અરજદારે મહિલા સાથે ગેરકાયદેસર સંબંધો વિકસાવ્યા છે અને તેનું શોષણ કર્યું છે અને નૈતિક અધઃપતનનો ગેરવર્તણૂકનો ગુનો કર્યો છે, જે શિક્ષાપાત્ર છે. સામાવાળા નં.૩ – પોલીસ કમિશનરને ફરિયાદ સબમિટ કર્યા પછી, અરજદાર, મહિલા અને

મહિલાના સાસુના નિવેદનો સામાવાળાઓ દ્વારા નોંધવામાં આવ્યા હતા અને અંતે, તેના પરિણામે તા. ૧૦.૧૦.૨૦૧૩ ની શો કોઝ નોટિસ જારી કરવામાં આવી હતી. નોટિસમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે અરજદારે પરિણીત હોવા છતાં આવું કૃત્ય કરીને પોલીસ ખાતાને અપ્રતિષ્ઠા અપાવી છે. એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે અરજદારે સુરક્ષા પૂરી પાડવાને બદલે સ્ત્રીનું શોષણ કર્યું છે અને આવા કૃત્યને હળવાશથી લઈ શકાય નહીં. નોટિસમાં આગળ નોંધવામાં આવ્યું છે કે પ્રશ્ન હેઠળના બનાવને ધ્યાનમાં લેતાં, એ શક્યતા છે કે તપાસની કાર્યવાહી દરમિયાન, શરમજનક પરિસ્થિતિ ઊભી થઈ શકે છે અને તેથી, નિયમો હેઠળ તપાસ ચલાવવી યોગ્ય રહેશે નહીં. સત્તાધિકારીએ, બંધારણના અનુચ્છેદ ૩૧૧ ના ખંડ (૨) ના બીજા પરંતુના ઉપ-ખંડ (બી) હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને, તપાસ રદ કરી અને અરજદારને ખુલાસો આપવા જણાવ્યું કે આવા ગંભીર ગુના માટે તેમને નોકરીમાંથી શા માટે બરતરફ ન કરવા જોઈએ.

૧૪. મુખ્યત્વે, જે પાયા પર નોટિસ જારી કરવામાં આવી છે તે વિધવાનું શોષણ છે અને તેથી, નૈતિક અધઃપતન છે. જેમ કે રેકોર્ડ પરથી બહાર આવે છે, અરજદાર અને મહિલા વચ્ચેના સંબંધ પરસ્પર હતા. આ હકીકત મહિલાના નોંધાયેલા નિવેદનથી વધુ મજબૂત થાય છે, જેમાં તેણે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે તેણે સ્વેચ્છાએ અરજદાર સાથે સંબંધ બાંધ્યો છે. એકવાર બે પુખ્ત વયના

લોકો વચ્ચેનો સંબંધ સ્વેચ્છિક અને પરસ્પર હોય, સામાવાળા નં.૪ દ્વારા કરવામાં આવેલ અવલોકન કે સ્ત્રી શોષણના કૃત્યને હળવાશથી લઈ શકાય નહીં, તે ભૂલભરેલું અને વિકૃત છે. તેથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જો બે પુખ્ત વયના લોકો વચ્ચેના સંબંધો પરસ્પર અને તેમની પોતાની મરજીથી હોય, તો શું ઉક્ત કૃત્યને ગેરવર્તણૂક શબ્દના વ્યાપમાં આવરી લઈ શકાય.

૧૫. બોડુ તરમામદ (ઉપરોક્ત) ના કેસમાં આ કોર્ટનો ચુકાદો યોગ્ય છે. ઉક્ત કેસમાં, અરજદાર, કોન્સ્ટેબલને પૂરેપૂરી તપાસ યોજ્યા બાદ નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. હકીકતો એવી હતી કે તેમાં અરજદાર પરિણીત પુરુષ હતા અને છતાં હિન્દુ વિધિ મુજબ કે મુસ્લિમ ધર્મ અનુસાર લગ્ન વિધિ કર્યા વગર, એક હિન્દુ છોકરી બાઈ સમુને તેમની સાથે પોલીસ ક્વાર્ટરમાં રહેવાની મંજૂરી આપી હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અરજદારના ભાગે આવું કૃત્ય અનૈતિકતાનું અને શિસ્ત વિરુદ્ધનું હતું અને શિસ્તબદ્ધ દળના સભ્ય હોવાના નાતે પોલીસ અધિકારીને શોભે તેવું નહોતું. કન્ડક્ટ રૂલ્સના નિયમ ૩ (iii) ની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે કોર્ટે અવલોકન કર્યું; જેના સંબંધિત ફકરા સરળ સંદર્ભ માટે અત્રે પુનઃ રજૂ કરવામાં આવ્યા છે:-

> *"૧૨. સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત નિર્ણયને આ કોર્ટ દ્વારા (કોરમ : એન. એચ. ભટ્ટ, જે.) કરસનભાઈ ડી. પરમાર અને અન્ય વિરુદ્ધ ગુજરાત રાજ્ય અને અન્ય ના કેસમા, સ્પેશિયલ સિવિલ*

એપ્લિકેશન ન. ૨૨૧/૧૯૮૩ માં સપ્ટેમ્બર ૨૪, ૧૯૮૫ ના રોજ નિર્ણય કરેલ, (૧૯૮૬) જીએલટી ૮૭ (જી.એચ.સી.) માં અનુસરવામાં આવ્યો છે. તે કેસમાં એ અસરનું અવલોકન કરવામાં આવ્યું છે કે રખેલ રાખવી એ પોલીસમેન માટે ગેરવર્તણૂક નથી, અને આપેલ સમાજમાં જે કંઈ પણ અનૈતિક અથવા અયોગ્ય છે તેને અનિવાર્યપણે ગેરવર્તણૂક તરીકે બ્રાન્ડેડ કરી શકાય નહીં. સામાવાળાઓના વિ. કાઉન્સેલ રજૂઆત કરે છે કે હાઈકોર્ટ સમક્ષના ઉપરોક્ત કેસમાં કોઈપણ પક્ષના વિ. વકીલ હાજર રહ્યા ન હતા. વળી, રસિકલાલ (ઉપરોક્ત) ના કેસમાં સુપ્રીમ કોર્ટના અવલોકનો સંદર્ભ બહાર લાગુ કરવામાં આવ્યા છે. તેમની રજૂઆતમાં સરકારી કર્મચારી માટે રખેલ રાખવી અયોગ્ય ગણાશે અને આવું વર્તન ચોક્કસપણે સરકારી કર્મચારી માટે અયોગ્ય વર્તન હશે. ગમે તે હોય. મારી સમક્ષનો આ કેસ નથી. તેથી, આ હાઈકોર્ટના ઉપરોક્ત નિર્ણયની ચોકસાઈ સામે શંકા હોવા છતા, રસિકલાલના કેસમાં (ઉપરોક્ત) સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલા સિદ્ધાંતનું પાલન અને અમલ કરવો જરૂરી છે. તેથી, અરજદાર સામેના આક્ષેપના બંને ગણતરીઓ સ્વીકારવામાં આવે અથવા સાબિત થયેલ માનવામાં આવે તો પણ, એવું ક્યારેય કહી શકાય નહીં કે તે સરકારી કર્મચારી માટે અયોગ્ય વર્તન'

ગેરવર્તણૂક બને છે.

